કામિની દોષી
કાર્યપાલક ઈજનેર

સુરત મહાનગરપાલિકા
નોર્થ ઝોન (કતારગામ)

એન.ઝેડ./આ./નં.૭૩૯૭
તા.૨૧/૧૦/૨૦૨૪

પ્રતિ,
ઈજારદારશ્રી,

વિષય :– સુરત મહાનગરપાલિકાનાં નોર્થઝોન(કતારગામ)માં સમાવિષ્ટ જુના વિસ્તારો ટી.પી.સ્કીમ નં. ૧, ૩, ૧૮, ૧૯, ૨૪, ૨૫, ૨૬, ૩૫, ૪૯, ૫૦, ૫૧, ૫૨, મોજે : ફુલપાડા તથા ગામતળ વિસ્તારોમાં ટાઉન પ્લાનીંગ સ્કીમ મુજબનાં વિવિધ રીઝર્વશન પ્લોટ તેમજ ટી.પી. રસ્તાનો સર્વે અને ડીમાર્કેશન કરી નકશા તૈયાર કરી પુરા પાડવાનાં કામ બાબત.

સંદર્ભ :– (૧)સુરત મહાનગરપાલિકાની સ્થા.સ.ઠ.નં. ૧૧૧૯/૨૦૨૪, તા.૧૮/૦૭/૨૦૨૪.
(૨) મે.એડી.સીટી ઈજનેરશ્રીની તા.૦૨/૦૯/૨૦૨૪ની મંજુરી.

મહાશય,

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સુરત મહાનગરપાલિકામાં નોર્થઝોન(કતારગામ)માં સમાવિષ્ટ જુના વિસ્તારો ટી.પી.સ્કીમ નં. ૧, ૩, ૧૮, ૧૯, ૨૪, ૨૫, ૨૬, ૩૫, ૪૯, ૫૦, ૫૧, ૫૨, મોજે : ફુલપાડા તથા ગામતળ વિસ્તારોમાં ટાઉન પ્લાનીંગ સ્કીમ મુજબનાં વિવિધ રીઝર્વશન પ્લોટ તેમજ ટી.પી. રસ્તાનો સર્વે અને ડીમાર્કેશન કરી નકશા તૈયાર કરી પુરા પાડવાનાં કામે સ્થા.સ.ઠ.નં. ૧૧૧૯/૨૦૨૪, તા.૧૮/૦૭/૨૦૨૪ થી મંજુર કરવામાં આવેલ યુનિટ રેઈટ મુજબનાં ભાવે અને શરતે, સદર કામગીરી સંદર્ભ (૧) મુજબની મંજુરી અને ટેન્ડરનાં મંજુર ભાવો અને શરતો(યુનીટ રેટ) મુજબ રૂા. ૧૫,૦૦,૦૦૦/– પૈ. ની મર્યાદામાં ઉકત વિષય મુજબની કામગીરી કરાવવાનું કામ સંદર્ભ (૨) મુજબ મંજુર કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી રૂા.૧૫,૦૦,૦૦૦/– પૈ. ની મર્યાદામાં સ્થાયી સમિતિ ઠરાવ નં. ૧૧૧૯/૨૦૨૪, તા.૧૮/૦૭/૨૦૨૪ થી મંજુર થયેલ યુનીટ રેટનાં મંજુર ભાવે અને શરતે કામ કરવા સંમત હોય તો આપશ્રીની લેખિત સંમતિ બંધ કવરમાં તા.૨૯/૧૦/૨૦૨૪ સુધીમાં નોર્થઝોન(કતારગામ) ખાતે મોકલી આપવા વિનંતી. ઉપરોકત જણાવેલ તારીખ પછી કોઈ બંધ કવરો સ્વાકારવામાં આવશે નહી.

## : <u>શરતો</u> :

૧. અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાનાં નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકનાં ડીમાન્ડ ડ્રાફટ/પે ઓર્ડરથી સંમતિપત્રક સાથે રૂા. ૧૫,૦૦૦/– ની આપવાની રહેશે.
૨. ઈજારદારે રજીસ્ટ્રેશન/સંસ્થાનું નોંધણી પત્રકની પ્રમાણિત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
૩. ઈજારદારે પૂર્ણ કરેલ સમાન કામનાં/અનુભવનાં સર્ટીફિકેટ (FROM 3A)/વર્કઓર્ડરની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
૪. ઈજારદારે છેલ્લા ૦૧(એક) વર્ષનાં આઇ.ટી. રીર્ટન સંમતિપત્રક સાથે આપવાના રહેશે.
૫. ઈજારદારે નકત રજીસ્ટ્રેશન સર્ટીફિકેટની પ્રમાણિત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
૬. ઈજારદારે પાનકાર્ડ રજુ કરવાનું રહેશે.
૭. કોઈપણ અથવા બધા જ સંમતિપત્રકો રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે તે અંગે કોઈપણ કારણો આપવામાં આવશે નહી.
૮. તમામ સરકારી/અર્ધસરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.
૯. સદરહું ભાવપત્રકમાં ભરવામાં આવેલ ભાવપત્રક પ્રમાણે મહત્તમ રૂા.૧૫,૦૦,૦૦૦/–(પંદર લાખ) ની મર્યાદા સુધી જ કામગીરી સોંપવામાં આવશે.

**SD /-**
કાર્યપાલક ઈજનેર
નોર્થઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

F:\HEENA\88110\JAY SIR\ZONAL OFFICER LATTER PAD